## આંક –૫ તેમજ આંક ૧૬ લગત હુકમ

(૧) વાદીઓની આંક –૫ ની અરજી દિવાની કાર્યરીતીના સંહિતાના હુકમ ૩૯ નિયમ ૧ અને ૨ ની કલમ ૧૫૧ મુજબ આ કામના પ્રતિવાદીઓને મોજે ગઢ તા. પાલનપુર જિ બનાસકાંઠા ની નવિન સર્વે નંબર ૯૨૯/૧ જુનો સર્વે નંબર ૧૦૧૭/૧ જેનુ માપ ૦–૯૨–૯૫ હેકટર આરએ. ચો.મી. વાળી ખેતીની મિલકતમાં આ કામના પ્રતિવાદીઓ કે તેમના નોકર,ચાકર,એજન્ટો કે મળતીયાઓ મારફતે ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહી કે ઊભા પાકને નુકશાન કરે કરાવે નહી કે વાદીઓને ખેતી કામ કરતા રોકટોક કરે કરાવે નહી કે હાલના રેવન્યુ રેકર્ડમાં કોઇ ફેરફાર કરે કરાવે નહી તેઓ કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવા સારુ અરજી કરેલ છે. વાદીઓએ આંક –૪થી દસ્તાવેજી લિસ્ટમા માર્ક ૪/૧ થી ૪/૨૮ સુધીના દસ્તાવેજોના દાવાઅરજી તેમજ કામચલાઉ મનાઇહુકમની અરજી સાથે રજુ કરેલા છે.તેમજ આંક–૧૯થી વાદીએ કાઉન્ટર એફિડેવીટ તેમજ પ્રતિવાદીઓએ રજુ કરેલા કાઉન્ટર કલેઇમના જવાબ તેમજ પ્રતિવાદીઓએ આંક –૧૬થી રજુ કરેલા કામ ચલાઉ મનાઇ હુકમનો જવાબ રજુ કરેલ છે. તેની સાથે આ કામના વાદીએ આંક–૨૦થી દસ્તાવેજી લીસ્ટ માર્ક ૨૦/૧ થી ૨૦/૨૦થી રજુ કરેલા છે તેમજ આંક –૫૫થી દસ્તાવેજી લિસ્ટ માર્ક ૫૫/૧થી ૫૫/૩થી રજુ કરેલા છે

(૨) આ કામે પ્રતિવાદીઓએ દાવાના કામે હાજર થઇ આંક –૧૫થી દાવા અરજી તેમજ આંક –૫ની અરજીનો સંયુકત જવાબ તેમજ કાઉન્ટર કલેઇમ રજુ કરેલ છે તેમજ આ કામના પ્રતિવાદીઓએ આંક –૧૬થી મોજે ગઢ તા. પાલનપુર જિ બનાસકાંઠાનો આ કામના પ્રતિવાદીઓના નવિન સર્વે નંબર ૯૧૨/૧ જુનો સર્વે નંબર ૧૦૮૨ અ જેનુ માપ ૦–૯૨–

૯૫ હેકટર આર.એ. ચો.મી. વાળી ખેતીની મિલકતમાં આ કામના વાદીઓ કે તેના નોકર ચાકર કે એજન્ટ પ્રતિવાદીઓને ખેતીનુ કામકાજ કરતા રોકે રોકાવે નહી કે અટચણ કરે કરાવે નહી કે કબજા ભોગવટો પડાવી લે નહી તેઓ કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવા અરજ કરેલ છે.

(૩) વાદીઓના વિ.વ.શ્રી એમ.આર.ડેરીયાને સાંભળ્યા તેઓ તેમની રજુઆતમાં આ કામે રજુ કરેલ આંક-૨૪થી લેખિત દલીલો મુજબની રજુઆત કરી જણાવે છે કે હાલની દાવાવાળી મિલકત જુનો રેવન્યુ સર્વેનં.૫૨૮/૨ તેમજ જુના રેવન્યુ સર્વેનં.૪૯૩/૩ એકત્રીકરણ કરેલ જેની નોંધ તા-૧૬-૧૧-૧૯૭૭ના રોજ થયેલ છે જે માર્ક ૪/૨થી રજુ છે.જે એકત્રીકરણ થતા બ્લોકનં.૧૦૧૭ પડેલ તેમજ સદરહુ નોંધમાં જે અમો વાદીઓના દાદાશ્રીછે ત્યારબાદ સદરહુ સર્વેનંબર જમીન સંપાદન થતા અમારા દાદા ગોઠી રણછોડભાઇ ભાયચંદભાઇનાઓને સંપાદન પેઠે મળેલ રકમ સંપાદન થયેલા એરિયાનો માપ તેમજ બ્લોકનંબર દર્શાવતી નોંધ ૪૫૨૮થી રેવન્યુ દફતરે થયેલ છે જમીન સંપાદન થતા સદરહુ સર્વે નંબર ઉત્તર તેમજ દક્ષિણ એમ બે ભાગમાં વહેચાયલો તેમજ તે મુજબનો જિલ્લા ઇન્સપેકટર જમીન રેકર્ડની કચેરીનો માર્ક ૪/૧૦થી નકશો રજુ કરેલ છે તે નકશામાં હાલના રીસર્વે મુજબ રજુ થયેલા નકશાની આકૃતીને મળતી આવે છે તેમજ આ કામના પ્રતિવાદીઓને સદરહુ સર્વે નંબરના સંપાદન પછી ઉત્તર દિશા તરફનો રેવન્યુ સર્વે નંબર ૧૦૧૭ પૈકી ૧ જેનુ નવીન રેવન્યુ સર્વે નંબર ૯૨૯ પડેલ છે તેની માલિકી વિશે કે તેના કબજા વિશે હાલના પ્રતિવાદીઓને કોઇ તકરાર નથી. આ કામે આંક ૨૦થી માર્ક ૨૦/૧૪થી રજુ કરેલ વેચાણ દસ્તાવેજ બાબતે પ્રતિવાદીને કોઇ પણ પ્રકારની તકરાર નથી.સદરહુ દસ્તાવેજ પટેલ રણછોડભાઇ ભાયચંદભાઇ ગોઠીનાઓ આંજણા પટેલ

અભેરાજ રુપા જોરમલનાઓ પાસેથી રેવન્યુ સર્વેનં ૫૨૮/૨ ,૪૯૩/૧,૪૯૩/૨ વાળી ખેતીની મિલકત વેચાણ રાખેલ સદરહુ વેચાણ દસ્તાવેજ બાબતે આ કામના પ્રતિવાદીઓને કોઇ પણ પ્રકારની તકરાર નથી.વધુમાં આ કામે આંક –૨૦થી માર્ક ૨૦/૧થી ગામ નમુના નંબર ૭ અ અને ૧૨ રજુ રાખેલ છે જેમાં પણ વાવણી અમારા પુર્વજ રણછોડભાઇ ભાયચંદભાઇનાઓનુ કરતો હોવાનુ ઉલ્લેખ છે તેમજ આંક ૨૦થી  માર્ક ૨૦/૧૫થી રજુ કરેલા દસ્તાવેજો મુજબ જુના સર્વેનંબર ૧૦૧૭/૧ તેમજ ૧૦૧૭મા અમો વાદીઓ સિંચાઇ માટે પાણી મેળવતા હોય મંડળીમાં પૈસા ભરેલાની  પાવતીઓ  પણ રજુ કરેલ છે જેથી સદરહુ દાવાવાળી મિલકત અમારા કાયદેસરના કબજામાં છે ટાઇટર ડિડ પણ  અમારુ છે તેમજ ડિ.આઇ.એલ.આરના નકશા પણ અમારા ટાઇટલ ડિડ તેમજ રેવન્યુ રેકર્ડને સુંસગત છે જેથી પ્રથમ દર્શનિય કેસ પ્રતિવાદીઓને તરફેણમાં નહી પરંતુ અમારી તરફેણમાં છે તેમજ સગવડતા અગવડતાની  સમતુલા અમો વાદીઓના લાભમાં છે અને જો માંગ્યા મુજબનો મનાઇ હુકમ આપવા ન આવે તો વાદીઓને અનેક લીટીગેશન તેમજ દાવાદુવિધામાં ઉતરવો પડે તેમ છે તેથી નાણાના રુપમાં આકારી ન શકાય તેવુ નુકશાન થાય તેમ હોય વાદીઓની તરફેણમાં મનાઇ હુકમ મંજુર કરવુ જોઇએ તેમજ પ્રતિવાદીઓની આંક–૧૬થી રજુ કરેલ કામચલાઉ મનાઇ હુકમની અરજી નામંજુર કરવી જોઇએ.

(૪)  પ્રતિવાદીઓના વિ.વ.શ્રી એ.એન.શેરાને સાંભળ્યા તેઓએ તેમની રજુઆતમાં ટુંકમા મહ્ત્વની હકિકત જણાવે છે કે આ કામના વાદીઓની દાવા અરજીના દાદના પેરાનં ૨ની દાદ ડિલીટ કરેલ છે. દાવાવાળી મિલકતના કબજો અમો ધરાવીએ  છીએ જેની રજુઆત પણ અમોએ કાઉન્ટર કલેઇમમાં પણ  કરેલ છે કાઉન્ટર કલેઇમ પ્રમાણે  દાવાવાળી મિલકતમાં અમો ઢોર ઢાંખર બાંધીએ છીએ તેમજ ખેતીવાડી  કરીએ છીએ જેનુ સમર્થન પણ

આ કામે  કમિશનરના પંચનામામાં પણ ઉલ્લેખ જોવા મળે છે. આ કામે માર્ક ૨૭/૧થી ગામ નમુના નંબર ૭ રજુ કરેલ છે જેમાં પણ અમો પ્રતિવાદીઓના નામ દર્શોવેલા છે. આ કામના વાદીઓ ખોટી રીતે સુપ્રિટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ કમ એકત્રીકરણ અધિકારી, બનાસકાઁઠાવાળાઓને ખોટી અરજી કરી નવીન સર્વેનંબર ૯૨૯/૧માં અમો પ્રતિવાદીઓના નામ હટાવી હાલના વાદીઓના નામ ઉમેરાવી ખોટુ હુકમ મેળવેલો છે જેથી સદરહુ હુકમને પણ અમો પ્રતિવાદીઓએ  ગેરકાયદેસર હોવાનુ ઠરાવવાનું માંગણી કરેલ છે. આ કામે માર્ક ૨૯/૧, ૨૯/૩ તેમજ ૨૯/૫થી સાક્ષીઓના સોંગદનામા રજુ કરેલ છે તે સોંગદનામા પણ અમારી તરફેણમાં છે. આ કામે માર્ક ૨૭/૧૯થી  સર્વેયરનો ડિ.આઇ.એલ.આર કચેરી બનાસકાંઠાના નકશો રજુ છે જેમા પણ કબજો અમારો છે તેમ દર્શાવેલુ છે.આ કામના વાદીઓ તેમની જમીન સંપાદન થયેલી છે તેવુ રેકર્ડથી સાબિત કરવો જોઇએ. આંક ૫૫થી રજુ કરેલા દસ્તાવેજો સુનાવણી દરમિયાન રજુ કરેલા છે જે દસ્તાવેજો કાઉન્ટર એફિટડેવિડ રજુ કર્યો તે વખતે  રજુ કરવા જોઇતા હતા  જે તે વખતે રજુ કરેલા નથી જેથી  ધ્યાને લેવા ન જોઇએ તેમજ  વાદીઓની જુના સર્વેનંબર સંપાદિત થયેલ છે તે રજુઆત જોઇએ તો સંપાદન થયા પછીના બે ભાગ સામ સામે હોવા જોઇએ જે ક્રોસમાં છે જેથી તેમની તે રજુઆતો પણ ખોટી છે.વધુમાં જો અદાલત કામ ચલાઉ મનાઇ હુકમ ન આપે તો સ્ટેટસ કો આપવો જોઇએ.જો જેથી પ્રથમ દર્શનીય કેસ અમો પ્રતિવાદીઓની તરફેણમાં  છે બેલેન્સ ઓફ કન્વીનીયસ પણ અમારી તરફેણમાં છે અને જો કામ ચલાઉ મનાઇ હુકમ આપવામાં ન આવે તો વાદીઓ કરતા અમો પ્રતિવાદીઓને વધારે નુકશાન થાય તેમ છે જેથી વાદીની આંક.૫વાળી અરજી નાંમજુર કરવા તેમજ આંક ૧૬વાળી અરજી મંજુર કરવા વિંનતી કરેલ છે.

(૫) હાલની આ અરજીઓ કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવા માટેની હોઇ જેને મંજુર કરવા માટેના મુળભુત ત્રણ સિંધ્ધાતો છે જે પક્ષકાર માંગણી કરતો હોય તેની તરફેણમાં ૧.પ્રથમ દર્શનીય કેસ હોય ૨. સગવડતા અગવડતાની સમતુલા હોય અને ૩.જો માંગ્યા મુજબ મનાઇ હુકમ આપવા ન આવે તો નાણાના રુપમાં આકારી ન શકાય તેવુ નુકશાન થાય તેમ હોય . કામ ચલાઉ મનાઇ હુકમ એ એકવીટેબલ રીલીફ હોઇ અદાલતની વિવેકાધીન સત્તા છે જોકે આવી વિવેકાધીન સત્તા વ્યાજબી, યોગ્ય, એકવિટીના નિયમો,કેસની હકિકતો અને સંજોગો અને ન્યાયિક સિંધ્ધાતોથી પ્રેરિત હોવી જોઇએ.

(૬) આ કામે વાદીઓએ રજુ કરેલી આંક.૫ થી કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવાની અરજી તેમજ આ કામે આંક.૧૬થી આ કામના પ્રતિવાદીઓએ કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવાની અરજી દાવા અરજી તેમજ કાઉન્ટર કલેઇમ તેમજ પક્ષકારોએ રજુ કરેલા દસ્તાવેજી લિસ્ટ લેખીત જવાબ તેમજ પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તેમજ કેસની હકિકતો અને સંજોગો લક્ષ્યમાં લેતા પક્ષકારોને માર્ક ૨૧/૪થી કોર્ટ કમિશનરના પંચનામામાં દાવાવાળી મિલકતની આકૃતીમાં કોઇ તકરાર નથી તેમજ હમણાના રીસર્વે પહેલા વાદીઓનો જુનો રે.સર્વેનં.૧૦૧૭/૧નો હોવા બાબતે તેમજ પ્રતિવાદીઓનો રે.સર્વેનં.૧૦૮૨ અનો હોવા બાબતે કોઇ તકરાર નથી. પંરતુ સદરહુ રે.સર્વે નંબરોવાળી મિલકતનો રીસર્વે થતા કબજા બાબતે તકરાર છે બંને પક્ષકારો કબજામાં છે તેવી તેમની રજુઆતો છે. આ કામે રેકર્ડ જોતા માર્ક ૪/૨થી આ કામના વાદીઓનો રે.સર્વે.નં.૪૯૩/૩ તેમજ રે.સર્વેનં.૫૨૮/૨ એકત્રીકરણ થઇ બ્લોકનં.૧૦૧૭ થયેલાની ગામના નમુનાનંબર ૬ હકકપત્રકની નોંધ નંબર પડેલ છે. તેમજ કબજેદારના નામ તરીકે રણછોડભાઇ ભાયચંદભાઇ ગોઠી દર્શાવેલ છે તેમજ માર્ક ૪/૯થી જમીન સંપાદન થયેલાની ગામ નમુના

નંબર ૬ હકકપત્રકે નોંધ નંબર.૪૫૨૮થી બ્લોકનં.૧૦૧૭ સંપાદિત થયેલાનો દર્શાવેલ છે. માર્ક ૪/૧૦થી જીલ્લા ઈન્સપેકટર જમીન રેકર્ડ નકશો રજુ થયેલ છે. જે જોતા રે.સર્વેનંબર ૧૦૧૭ એ સંપાદિત થયેલ જગ્યાની બાજુમાં છે તેમજ તકરારી મિલકતની આકૃતિ છે તેવી જ આકૃતિ છે જયારે પ્રતિવાદીઓના જુના.રે.સર્વેનંબર.૧૦૮૨ની આકુતિ જોવામાં આવે તો તકરારી મિલકત સાથે મળતી આવતી નથી તેમજ માર્ક ૪/૧૩થી પી.૧૪થી દર્શાવેલ દસ્તાવેજો જોતા રીસર્વેની કામગીરી દરમિયાન જુના રે.સર્વેનં તેમજ રીસર્વેથી થતા નવા સર્વેનંબરમાં માપમાં થતી માહિતી દર્શાવેલ છે જે જોતા આ કામના વાદીઓનો જુના રે.સર્વેનં.૧૦૧૭ પી.૧નુ માપ ૧-૫૮-૨૮ હેકટર આર એ ચો.મી દર્શાવેલ છે જયારે નવી માહીતી તરીકે તેનુ માપ ૧-૬૨-૬૫ હેકટર આર એ ચો.મી દર્શાવેલ છે તેમજ માર્ક ૪/૧૩થી રજુ થયેલા ગામ નમુના નંબર ૮ અ અને ૭વાળા દસ્તાવેજોમાં માપ રે.સર્વેનં.૧૦૧૭ પૈકીનુ માપ પણ ૧-૫૮-૨૮ હે.આર.એ.ચોમી દર્શાવેલ છે માર્ક ૨૭/૭થી રજુ થયેલ દસ્તાવેજ જોતા ગામ નમુના નંબર ૬ હકકપત્રકે વિરેચબલ પત્રક અનુસાર ફેરફાર થયેલાની નોંધ પડેલ છે જેમા આ કામના પ્રતિવાદીઓનો જુનો રે.સર્વેનં.૫૯૦/૩ જેનુ માપ ૦-૨૩-૦૭ હેકટર આર એ ચો.મી તેમજ તેનો નવીન રે.સર્વેનં.૧૦૮૨ અ દર્શોવેલ છે તેમજ આ કામે માર્ક ૨૭/૧૮થી સુપ્રિટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડ કમ એકત્રીકરણ અધિકારીનો હુકમ જોવામાં આવે તો "જુના ૭X૧૨ની વિગત" વાળા કોલમમાં ૧૦૮૨ અ નુ માપ ૦-૨૨-૨૬ દર્શાવેલ છે વળી માર્ક ૨૦/૫થી ગામનુ નમુનો નંબર ૭ અને ૧૨ રજુ થયેલ છે જેમા પણ આ કામના પ્રતિવાદીઓના જુ.રે.સર્વેનં.૧૦૮૨ અ નુ માપ ૦-૨૩-૨૭ હે.આર.એ.ચોમી દર્શાવેલ છે.જેથી માર્ક ૨૭/૧૮, માર્ક ૨૦/૫ તેમજ માર્ક ૨૭/૭વાળો દસ્તાવેજ જોતા માપ બાબતે નજીવો તફાવત જોવા મળે છે જયારે

હાલની તકરારી મિલકતનુ માપ ૦–૯૨–૧૫ હેકટર આર એ ચોમી છે જે પ્રતિવાદીઓના જુ.રે.સર્વેનં.૧૦૮૨ અ ના માપ સાથે તકરારી મિલકતના માપ ૦–૯૨–૧૫ હે.આર.એ.ચોમી સાથે સરખામણી કરતા ઘણો મોટો તફાવત કહી શકાય.જેથી હાલના રીસર્વે પહેલાના વાદીઓના જુનો રે.સર્વેનં.૧૦૧૭/૧નુ માપ તેમજ રીસર્વે થતા નવીન રે.સર્વેનંબર તકરારી મિલકતના માપ તેમજ આકૃતિ સાથે પ્રથમ દર્શનીય રીતે વધુ સુંસગત જણાય છે વધુમાં કબજો હમેશા ટાઇટલડીડ સાથે સંબધ ધરાવે છે જયારે પ્રતિવાદીઓ આટલા મોટા માપનો તફાવત તકરારી મિલકત સાથે ધરાવતા હોય ત્યારે આ કામના પ્રતિવાદીઓ કબજામાં હોય તેવુ પ્રથમ દર્શનીય રીતે માની શકાય નહી.જયારે વાદીઓના જુના રે.સર્વેનંબર તેમજ તકરારી મિલકત સાથેના માપમાં નજીવો તફાવલ ગણી શકાય.આ કામના વાદીઓના જુ.રે.સર્વેનં.૧૦૧૭/૧નુ દાંતીવાડા જળાશય યોજનમાં સીંચાઇનુ પાણી મેળવતા હોવાની તેમજ તેના નાણા ભર્યાની પાવતી પણ રજુ કરેલ છે .જેથી અત્રેની અદાલતની સ્પષ્ટપણે માનવુ છે કે પ્રથમ દર્શનીય કેસ વાદીઓની તરફેણમાં છે અને જો વાદીઓની તરફેણામાં કામ ચલાઉ મનાઇ હુકમ આપવામાં ન આવે તો ખેતીવાડી કરતા અટકે તો આ કામના પ્રતિવાદીઓ કરતા વાદીઓને વધુ અગવડતા પડે તેમ જણાય છે તેમજ આ કામના વાદીઓને નાણામાં ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થવાની શકયતા રહે છે જેથી ઉપરોકત કરેલ ચર્ચા મુજબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

૧.વાદીઓની હાલની આંક પની કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે તેમજ પ્રતિવાદીઓની આંક ૧૬ની કામ ચલાઉ હુકમ મેળવવાની અરજી નામંજુર

કરવાનો હુકમ કરવામા આવે છે.

૨.મોજે ગઢ તા. પાલનપુર જિ–બનાસકાંઠા ની નવિન રે.સર્વે નંબર ૯૨૯/૧ જુનો સર્વે નંબર ૧૦૧૭/૧ જેનુ માપ ૦–૯૨–૯૫ હેકટર આર.એ.ચો.મી. વાળી ખેતીની મિલકતમાં આ કામના પ્રતિવાદીઓ કે તેમના નોકર, ચાકર, એજન્ટો કે મળતીયાઓ મારફતે ગેરકાયદેસર પ્રવેશ કરે કરાવે નહી કે ઊભા પાકને નુકશાન કરે કરાવે નહી કે વાદીઓને ખેતી કામ કરતા રોકટોક કરે કરાવે નહી કે હાલના રેવન્યુ રેકર્ડમાં કોઇ ફેરફાર કરે કરાવે નહી તેવો વાદીઓની તરફેણમાં તેમજ પ્રતિવાદીઓની વિરુધ્ધમાં સદર દાવો ચાલતા સુધી કે બીજો કોઇ હુકમ કરવામાં ન આવે ત્યા સુધી કામ ચલાઉ મનાઇ હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા–૨૩–૦૧–૨૦૨૩
મુ.પાલનપુર

(આર.એ.પટેલ)
પાંચમા એડિશનલ સીવીલ જજ
પાલનપુર
જીજે૦૧૬૬૪